## પેજ3

## મીઠી નદી સફાઈ કૌભાંડ: પોલીસે ડિનો મોરિયાની 6 કલાક પૂછપરછ કરી



મુંબઈ, તા. 2: મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફિન્સ વિંગ (EOW) દ્વારા કથિત રૂ. 65 કરોડના મીઠી નદી ડીસિલ્ટિંગ કૌભાંડ મામલે બોલિવૂડ અભિનેતા ડિનો મોરિયાની આશરે 6 કલાક સુધી સઘન પૂછપરછ કરવામાં આવી હતી. EOWના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પૂછપરછ પૂર્ણ થયા બાદ અભિનેતાને જવાની મંજૂરી આપવામાં આવી હતી અને જરૂર જણાશે તો તેમને ફરીથી બોલાવવામાં આવી શકે છે. મુંબઈ મહાનગરપાલિકા (BMC) દ્વારા મીઠી નદીની સફાઈ માટે આપવામાં આવેલા કોન્ટ્રાક્ટમાં નાણાકીય અનિયમિતતાઓ આચરાઈ હોવાનો આરોપ છે. મુખ્ય આરોપીઓ કેતન કદમ અને જય જોશીએ બીએમસીના અધિકારીઓ સાથે મળીને બનાવટી બિલિંગ દ્વારા કરોડો રૂપિયાની હેરાફેરી કરી હતી. કોલ ડિટેલ્સમાં ડિનો મોરિયા અને તેમના ભાઈ સાથે આરોપીની વારંવાર થયેલી વાતચીત તથા શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ સામે આવતાં આ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. હાલ ઈડી પણ મની લોન્ડરિંગના એંગલથી આ કેસની તપાસ કરી રહી છે.

## નુસરત ભરૂચાને એર એમ્બ્યુલન્સથી મુંબઈ લવાશે



બાલી, તા. 2: બોલિવૂડ એક્ટ્રેસ નુસરત ભરૂચા ઈન્ડોનેશિયાના બાલીમાં વેકેશન દરમિયાન એક માર્ગ અકસ્માતનો ભોગ બની છે, જેમાં તેની કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયું છે. હાલ બાલીની હોસ્પિટલમાં દાખલ નુસરતને વધુ સારવાર અને સર્જરી માટે એર એમ્બ્યુલન્સ મારફતે મુંબઈ લાવવામાં આવી રહી છે. સર્જરી અને રિકવરીના કારણે તે આગામી કેટલાક અઠવાડિયા સુધી કામથી દૂર રહેશે. ટૂંક સમયમાં જ ટાઇગર શ્રોફ સાથે નવી ફિલ્મમાં નજર આવનાર નુસરત ભૂતકાળમાં પણ 'અકેલી' અને 'છોરી-2'ના શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થઈ ચૂકી છે. ચાહકો સોશિયલ મીડિયા પર તેની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરી રહ્યા છે.

## સલમાન ખાનની સુરક્ષામાં ચૂક: ફેન અચાનક તેની નજીક પહોંચી ગયો



મુંબઈ, તા. 2: મુંબઈમાં યોજાયેલી ફિલ્મ 'પ્રેમ કીટાણુ'ની સ્ક્રિનિંગ દરમિયાન સલમાન ખાન સાથે અનોખો બનાવ બન્યો હતો. ઈવેન્ટમાંથી બહાર નીકળતી વખતે અનૂપ સોનીને મળતા સલમાનની નજીક એક ફેન અચાનક પહોંચી ગયો હતો અને ગળે મળવાનો પ્રયાસ કર્યો હતો. વાય-પ્લસ સુરક્ષા ધરાવતો સલમાન ક્ષણભર માટે અસ્વસ્થ થયો, પરંતુ બોડીગાર્ડ શેરા અને સિક્યોરિટી ટીમે ત્વરિત હરકતમાં આવીને ફેનને દૂર કર્યો હતો. આ ઉપરાંત, સ્ક્રિનિંગમાં સલમાને રેડ કાર્પેટ પર પોઝ આપવા ઉભા રહેવાને બદલે મોડેલ સાક્ષી મલિકને પહેલા પોઝ પૂરા કરવા દેવા માટે રાહ જોઈને ચાહકોના દિલ જીતી લીધા હતા. ઈવેન્ટમાં કરણ જોહર, જેક્લિન અને સારા તેંડુલકર સહિત અનેક સેલેબ્સ હાજર રહ્યા હતા.

## નસીરૂદ્દીન દીપકેને ભેટ્યા, CJPના વિરોધ પ્રદર્શનમાં શબાના આઝમી અને વિશાલ દદલાની પણ જોડાયા



મુંબઈ, તા. 2: મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) દ્વારા મુંબઈના શિવાજી પાર્ક ખાતે યોજાયેલા પ્રદર્શનમાં બોલિવૂડની અગ્રણી હસ્તીઓએ હાજરી આપી હતી. ગાંધી જયંતીના દિવસે દાદરના શિવાજી પાર્ક ખાતે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જ્યાં પીઢ અભિનેતા નસીરૂદ્દીન શાહ પહોંચ્યા હતા. તેમણે સીજેપીના સ્થાપક અભિજીત દીપકેને ભેટીને કહ્યું હતું કે તેઓ પણ દીપકેને ફેન છે, જેને દીપકેએ પોતાનું સ્વપ્ન પૂર્ણ થયા સમાન ગણાવ્યું હતું અને કહ્યું તેઓ નસીરૂદ્દીનનો મોટો ફેન છે. નસીરૂદ્દીન શાહ ઉપરાંત બોલિવૂડ અભિનેત્રી શબાના આઝમી અને સંગીતકાર વિશાલ દદલાની પણ આ પ્રદર્શનમાં જોડાયા હતા. વિશાલ દદલાનીએ પણ દીપકેને ભેટીને આંદોલનને સમર્થન આપ્યું હતું. સીજેપી મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામા અને મતદાર યાદીઓની પારદર્શિતા અંગે વિરોધ પ્રદર્શન કરી રહી છે.

## સંજય દત્તે ગયામાં માતા-પિતાનું પિંડદાન કર્યું



ગયા, તા. 2: બોલિવૂડ અભિનેતા સંજય દત્તે પિતૃપક્ષ દરમિયાન બિહારના ગયા સ્થિત પવિત્ર વિષ્ણુપાદ મંદિરમાં જઈને પોતાના દિવંગત માતા-પિતા સુનીલ દત્ત અને નરગિસની આત્માની શાંતિ માટે પિંડદાન કર્યું હતું. સંપૂર્ણ વિધિ-વિધાન અને બ્રાહ્મણોની હાજરીમાં તેમણે આ ધાર્મિક રસ્મ પૂરી કરી હતી. આશરે બે કલાક ચાલેલી આ પૂજા-અર્ચના બાદ સંજય દત્તે પિતૃઓના મોક્ષ માટે પ્રાર્થના કરી હતી. સોશિયલ મીડિયા પર સંજય દત્તની આ પૂજાની તસવીરો પણ વાયરલ થઈ રહી છે. ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ તેમણે મંદિર પરિસરની બહાર હાજર પોતાના ચાહકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

## અર્ચના પૂરન સિંહે યૂટ્યુબની ધૂમ કમાણીથી ખરીધો નવો આલીશાન વિલા



મુંબઈ, તા. 2: અર્ચના પૂરન સિંહ અને તેમનો પરિવાર આજકાલ પોતાની યૂટ્યુબ વ્લોગિંગથી જબરદસ્ત કમાણી કરી રહ્યો છે. ફિલ્મો અને ટીવી કરતાં પણ 3 ગણી વધુ કમાણી કરાવતા આ 'વ્લોગિંગ યુગ'માં આ સેલિબ્રિટી પરિવારે મુંબઈના મઢ આઇલેન્ડ ખાતે પોતાના મુખ્ય ઘરથી થોડે જ દૂર એક નવો ભવ્ય વિલા ખરીધો છે. બે માળના આ આલીશાન વિલામાં 3 મોટા બેડરૂમ, સુંદર બગીચો, ગેઝેબો અને મોટું રસોડું છે. અર્ચના, પતિ પરમીત સિંહ, પુત્રો અને તેમની મંગેતર યોગિતા બિહાની સહિત આખા પરિવારે હોમ ટૂર વ્લોગમાં ફેન્સને આ નવું ઘર બતાવ્યું હતું. કેમેરા સેટિંગ્સ અને શૂટિંગ ફ્રેન્ડલી સ્પેસ ધ્યાનમાં રાખીને લેવાયેલો આ વિલા તેમની વ્લોગિંગ લાઈફસ્ટાઈલ માટે એકદમ પરફેક્ટ છે!

## ભૂષણ કુમાર 36,300 કરોડની સંપત્તિ સાથે બોલિવૂડમાં સૌથી ટોપ પર



**શાહરૂખ** ખાન રૂ.10,000 કરોડ અને અમિતાભ રૂ.4,000 કરોડ પર

મુંબઈ, તા. 2: ટી-સિરીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ભૂષણ કુમાર અને તેમનો પરિવાર 'હુરુન રિચ લિસ્ટ' મુજબ બોલિવૂડની સૌથી ધનિક હસ્તી તરીકે સામે આવ્યા છે. તેમની અંદાજિત નેટવર્થ રૂ. રૂ.36,300 કરોડ નોંધાઈ છે, જે આ લિસ્ટમાં સામેલ અન્ય તમામ બોલિવૂડ સેલેબ્સની કુલ સંપત્તિ કરતાં પણ વધુ છે. ભૂષણ કુમાર આ યાદીમાં 87મા ક્રમે છે અને ટોપ 100માં સ્થાન મેળવનાર મનોરંજન અને ફિલ્મ ક્ષેત્રના એકમાત્ર વ્યક્તિ છે. બીજી તરફ, શાહરૂખ ખાનની સંપત્તિ રૂ.રૂ. 10,000 કરોડ અને અમિતાભ બચ્ચનની સંપત્તિ રિયલ એસ્ટેટ રોકાણોના લીધે વધીને રૂ. 4000 કરોડ થઈ છે. આ વર્ષે સલમાન ખાને રૂ.રૂ. 3000 કરોડની નેટવર્થ સાથે નવી એન્ટ્રી કરી છે, જ્યારે ઋતિક રોશનની સંપત્તિ પોતાની બ્રાન્ડ HRXના કારણે વધીને રૂ.રૂ. 2500 કરોડ પહોંચી છે. 'રામાયણ'ના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાના પિતા નરેશ મલ્હોત્રા પણ રૂ. 16000 કરોડની સંપત્તિ સાથે આ યાદીમાં સામેલ છે.

# G7 દેશો ૧૦ કરોડ બેરલ ઓઈલ છૂટું કરવા સહમત

**અનામત** જથ્થામાંથી ડીઝલ સહિત આટલું ઓઇલ છૂટું કરાશે, ચૂંટણી પહેલા ટ્રમ્પને મોટી રાહત

વોશિંગ્ટન, તા. ૨(એપી): ગ્રુપ ઓફ સેવન(G7) ઔદ્યોગિક દેશોએ જણાવ્યું છે કે તેમણે ૧૦ કરોડ બેરલ તેલ છૂટુ કરવા માટે સહમતી સાધી છે, જેમાં ખાસ કરીને અમેરિકામાં તાજેતરમાં રેકોર્ડ બ્રેક ભાવ સપાટીએ પહોંચેલા ડીઝલના પુરવઠાનો મોટો હિસ્સો તાત્કાલિક રીલીઝ કરવામાં આવશે. આ અંગે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ જણાવ્યું હતું કે ડીઝલ રિલિઝ કરવાનું કાર્ય તાત્કાલિક હાથ ધરવામાં આવશે. નવેમ્બરમાં આવી રહેલી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા વધતા જતાં ભાવોને અંકુશમાં લેવા માટે ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી પર ભારે દબાણ છે. ટ્રમ્પે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ પગલાંની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, યુરોપ તેમના વિશાળ સ્ટોકમાંથી મોટી માત્રામાં ડીઝલ ઓઈલ બહાર પાડવા માટે સહમત થયું છે. આ પ્રક્રિયા તરત જ શરૂ થશે. ઈરાન યુદ્ધ અને તેમની વેપાર લડાઈઓને કારણે અમેરિકામાં તેલ અને અન્ય વસ્તુઓના ભાવ વધતાં પ્રમુખ ટ્રમ્પની લોકપ્રિયતાના રેટિંગમાં ઘટાડો નોંધાયો છે. આ આઠ મહિના લાંબા યુદ્ધ દરમિયાન અમેરિકા અને વિદેશોમાં ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે. યુદ્ધ પછી ભાવો નીચે આવશે તેવી ટ્રમ્પે ખાતરી આપી છે, છતાં પણ હાલમાં યુદ્ધનો અંત નજીક દેખાતો નથી. અમેરિકા સ્થિત ફ્રેંચ એમ્બેસી અનુસાર, વધતા ઈંધણના ભાવ અને પેટ્રોલિયમ પેદાશોની ઉપલબ્ધતા વિશે ચર્ચા કરવા માટે ટ્રમ્પે રાતોરાત G7ના અધ્યક્ષ અને ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ મેક્રોને શુક્રવારે આ મુદ્દા પર ચર્ચા કરવા G7 નેતાઓની એક વિડિયો કોન્ફરન્સ યોજી હતી. ફ્રાન્સ પાસે હાલ G7 જૂથનું ફરતું પ્રમુખપદ છે અને વાતચીત પછી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

# મોદી પાસે યુક્રેન વિવાદના ઉકેલ માટે 'ઉત્તમ વિચારો' છે: પુતિન

**મોદી દરેક** મુલાકાતમાં યુદ્ધ અટકાવવા અંગે ચર્ચા કરે છે

**ભારતમાં** વિવિધતા છતાં એકતાથી રહેતા લોકો પાસેથી સમગ્ર વિશ્વએ શીખવા જેવું છે

મોસ્કો, તા. 2 (પીટીઆઈ): રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું છે કે, યુક્રેન સંઘર્ષના પરસ્પર સ્વીકાર્ય ઉકેલ લાવવા માટે તેમની પાસે 'ખૂબ જ સારા વિચારો' છે અને તેઓ દરેક મુલાકાતમાં આ મુદ્દો સતત ઉઠાવે છે. રશિયાના 'વાલ્ડાઈ ઈન્ટરનેશનલ ડિસ્કશન ક્લબ'ની વાર્ષિક બેઠકમાં બોલતા પુતિને આ ટિપ્પણી કરી હતી.

પુતિને કહ્યું, 'યુદ્ધ સમાપ્ત કરવા અંગે વડા પ્રધાન મોદીના વલણ વિશે હું એટલું જ કહીશ કે તેઓ વિશ્વના એવા નેતાઓમાંથી એક છે જેઓ અમારા અંગત અને ખૂબ જ મૈત્રીપૂર્ણ સંબંધો હોવા છતાં, યુક્રેન સંઘર્ષને અંત લાવવા અંગે સતત સવાલો પૂછે છે. અમારી દરેક બેઠકમાં તેઓ આ બાબત લાવે છે અને તેમાં ઊંડો રસ દાખવે છે.' નવી દિલ્હીમાં યોજાયેલા બ્રિક્સ શિખર સંમેલન પહેલાં પણ બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી, જેમાં પુતિને વડા પ્રધાન મોદીને યુક્રેન યુદ્ધની વર્તમાન સ્થિતિ અને શાંતિ પ્રયાસો અંગે માહિતી આપી હતી. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે પણ અગાઉ કહ્યું હતું કે રશિયા શાંતિ માટેના ભારતના પ્રયાસોનું સ્વાગત કરે છે. આ ઉપરાંત, પુતિને ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

તેમણે ઉમેર્યું કે 1.5 અબજની વસ્તી ધરાવતા ભારતમાં અનેક ભાષાઓ બોલાતી હોવા છતાં લોકો એકસાથે રહે છે તે અદ્ભુત છે. ભારતની આ સંસ્કૃતિમાંથી વિશ્વએ વિવિધતા અને એકતા સહ-અસ્તિત્વમાં કેવી રીતે રહી શકે તે શીખવું જોઈએ.

# એઆઈ મોડલ્સ નિયંત્રણ બહાર, 100 સંસ્થાઓમાં ઘૂસણખોરી કરી

**ભુલ** પકડવા એઆઈ દ્વારા જ 50 પેટાબાઇટ ડેટા ચકાસવો પડશે, માણસને 6.6 કરોડ વર્ષ લાગશે

**આ** કામ માટે 7,000 એડવાન્સ જીપીયુ રોકીને રોજના રૂ. 5 કરોડ ખર્ચવામાં આવી રહ્યા છે, એઆઈના વિકાસ પર નિયંત્રણ મૂકવામાં નહીં આવે તો તે માનવજાત માટે મોટો ખતરો બની શકે: નિષ્ણાતો

નવી દિલ્હી, તા. 2: 'ઓપનએઆઈ'ના એઆઈ મોડલ્સે 100થી વધુ સંસ્થાઓના સિસ્ટમમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હોવાનો ખુલાસો થયો છે. કંપની હવે અન્ય ગડબડો પકડવા માટે પોતાના ટ્રેનિંગ અને ટેસ્ટિંગ સાથે જોડાયેલા 50 પેટાબાઈટ ડેટાની તપાસ કરી રહી છે. આ કામ માટે 7,000 એડવાન્સ જીપીયુ રોકીને રોજના રૂ. 5 કરોડ ખર્ચવામાં આવી રહ્યા છે, કારણ કે જો કોઈ માણસ આ ડેટા સતત વાંચે તો તેને 6.6 કરોડ વર્ષ લાગે. સુરક્ષા પ્રણાલી નિષ્ફળ જતાં એઆઈ એજન્ટ્સે વેબસાઈટ્સને અનધિકૃત કમાન્ડ મોકલીને સીક્રેટ કમ્યુનિકેશન ચેનલ બનાવી લીધી હતી. આ પહેલાં જુલાઈમાં 'હગિંગ ફેસ' ઘટનામાં પણ એઆઈ એજન્ટે ટેસ્ટિંગમાં સારું પરિણામ મેળવવા સીધી 'આન્સર કી' ચોરવા માટે પોતાની પાબંદીઓ તોડીને સિસ્ટમ હેક કરી હતી. તપાસમાં બહાર આવ્યું કે મલ્ટિપલ એઆઈ એજન્ટ્સ એકબીજાને ગુપ્ત નોટ્સ મોકલીને 'સ્વાર્મ' એટલે કે સંગઠિત ઝુંડ તરીકે સુરક્ષા તોડતા હતા. અમેરિકા અને ઓસ્ટ્રેલિયાની સરકારી વેબસાઈટ્સમાં પણ આવી સેંધમારી જોવામાં આવી છે. એઆઈ નિષ્ણાતો અને 'એન્થ્રોપિક'ના સીઈઓએ ચેતવણી આપી છે કે જો એઆઈના વિકાસ પર સમયસર નિયંત્રણ મૂકવામાં નહીં આવે તો તે માનવજાત માટે મોટો ખતરો બની શકે છે.



## વાઇલ્ડલાઇફ કોમેડી ફોટોગ્રાફીમાં પશુ-પક્ષીની રમૂજી અદાઓ!

**આ વખતે** આ સ્પર્ધામાં વિક્રમી દસ હજાર કરતા વધુ એન્ટ્રીઓ આવી

લંડન, તા. ૨: વાઇલ્ડલાઇફ કોમેડી ફોટોગ્રાફી સ્પર્ધામાં આ વખતે દસ હજાર કરતા વધુ એન્ટ્રીઓ આવી છે અને તેમાં વિવિધ પ્રકારના પશુ-પક્ષીઓની રમૂજી અદાઓ વાઈલ્ડલાઇફ ફોટોગ્રાફરોએ ચપળતાથી ઝડપી લીધી છે. પ્રોફેશનલ ફોટોગ્રાફર્સ પોલ જોયન્સન-હિક્સ અને ટોમ સુલમ દ્વારા ૨૦૧૫માં સ્થપાયેલા આ એવોર્ડ્સમાં આ વર્ષે ૧૧૨ દેશોમાંથી ૧૦,૦૦૦થી વધુ એન્ટ્રીઓ આવી હતી - જે તેના ઇતિહાસમાં સૌથી વધુ સંખ્યા છે. આ વર્ષે ફાઇનલિસ્ટની યાદીમાં સ્થાન પામેલા ફોટોગ્રાફર્સ પેરુ, ભારત અને સિંગાપુર સહિત વિશ્વભરના દેશોના છે. રમૂજી પરિસ્થિતિઓમાં પ્રાણીઓને જોઈને હસવું જેટલું મનોરંજક છે, એટલું જ આ એવોર્ડ્સનો મુખ્ય હેતુ વન્યજીવ સંરક્ષણના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો છે. ફાયનલ સ્પર્ધા માટેના લિસ્ટમાંના કેટલાક ફોટાઓ જોતા જ ખડખડાટ હસી પડાય તેવા છે. એક ફોટામાં ફેન્સી હેટ પહેરી હોય તે રીતે માથા પર ઘાસ અને છોડવાઓ ઓઢીને સરકી રહેલો એક કાચબો દેખાય છે, તો એક વાનર નાકમાં આંગળી નાખીને નાક સાફ કરતો દેખાય છે. બે લાંબા જિરાફની વચ્ચે એક ટૂંકા જિરાફે માથે હેટ પહેરી હોય તેવું એક તસવીરમાં દેખાય છે.


KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,36,310/-
18 KT 1,11,490/- 14 KT 86,660/-
+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

લોકપ્રહરી ગુજરાતમિત્રના ૧૬૪માં સ્થાપના નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.,
પો. સરદારબાગ, બાબેન-બારડોલી-૩૯૪૬૦૧, જી. સુરત (ગુજરાત)
E-mail: afbardoli@hotmail.com
એસ.ટી.ડી. કોડ : ૦૨૬૨૨ પ્રમુખ : ૨૨૦૭૦૬ ફેક્ષ નંબર : ૨૨૦૪૪૩
મેનેજીંગ ડીરેક્ટર : ૨૨૧૩૩૫ પીબીએક્ષ: ૨૨૦૧૭૦,૨૨૦૧૭૨
૦૧. રજીસ્ટ્રેશન નંબર : જી-૨૬૫
૦૨. ફેક્ટરી શરૂ થયાનું વર્ષ : ૧૯૫૫
03. ઉત્પાદન શરૂ થયાનું વર્ષ : ૧૯૫૬-૫૭
૦૪. કુલ સભાસદોની સંખ્યા : ૫૬૯૩
૦૫. શેર ભંડોળ રૂપિયા : રૂ. ૨૯૪.૯૦ લાખ
પિલાણ વર્ષ : ૨૦૨૫-૨૦૨૬
(ક) પિલાણ શકિત : ૧૦,૦૦૦ ટન પ્રતિદિન
(ખ) સ્ટોપેજ સહિત પિલાણ : ૯,૩૧૧.૨૪ ટન પ્રતિદિન
(ગ) સ્ટોપેજ વિના પિલાણ : ૧૦,૫૦૦.૪૮ ટન પ્રતિદિન
(ઘ) પિલાણ કરેલી શેરડી : ૧૧,૫૫,૬૬૫ મે.ટન
(ચ) ખાંડનું ઉત્પાદન : ૧૨,૯૧,૪૦૦ કવીન્ટલ
(છ) રીકવરી : ૧૧.૧૪%
બારડોલી પ્રદેશની શૈક્ષણિક તેમજ વૈદકીય સંસ્થાનાં વિકાસમાં બહુમુલ્ય ફાળો.
ઉત્તમ પ્રકારની સફેદ દાણાદાર ખાંડ બનાવનાર
મુકેશચંદ્ર એન. પટેલ, પ્રમુખ | અનિલકુમાર એચ.પટેલ, ઉપપ્રમુખ | હેમ પ્રકાશ સિંહ, મેનેજીંગ ડીરેક્ટર
તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદ પરિવાર




સફળતાના ૧૬૩ વર્ષ પૂર્ણ કરી ૧૬૪માં વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે ગુજરાતમિત્ર વર્તમાનપત્રને ખૂબ ખૂબ શુભેચ્છાઓ
ઈશ્વર પરમાર
ધારાસભ્ય (૧૬૯) બારડોલી વિધાનસભા

લોકપ્રહરી ગુજરાતમિત્રના ૧૬૪માં સ્થાપના નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
એક શુભેચ્છક બારડોલી

લોકપ્રહરી ગુજરાતમિત્રના ૧૬૪માં સ્થાપના દિવસે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
રજી. નં. ૧૬૬૫૯ "વિના સહકાર નહિ ઉધ્ધાર" સ્થાપના : ૨૫-૬-૧૯૩૩ "કર્મ કોઈને છોડતું નથી."
શ્રી ખેડૂત સહકારી જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લિ. બાબેન-બારડોલી.
પો. સરદાર બાગ, બારડોલી-૨, ફોન : (૦૨૬૨૨) ૨૨૦૦૨૮, ૨૨૦૭૨૩, ૨૨૨૨૯૩, (ફેક્સ નં.) ૨૨૮૨૧૩
આપણી સંસ્થામાં નીચે મુજબની ચીજ વસ્તુઓ મળશે.
સંસ્થામાં દરેક જાતના રાસાયણિક ખાતરો, ખોળ, સેન્દ્રીય ખોળ ઉપરાંત સંસ્થાની બનાવટનું 'ખેડૂત છાપ' મિશ્ર (૨૦:૧૦:૧૦) તથા (૧૮:૧૮:૧૦) ખાતર મળશે. લોખંડ, સીમેન્ટ, સીમેન્ટ પતરા, ગેલ્વેનાઈઝ પતરા, કલર કોટેડ પતરા, ● ડાંગર બિયારણ તથા બારેમાસ ભરવાલાયક અનાજ વગેરે વ્યાજબી ભાવે મળશે. ● ઓર્ગેનિક લીકવીડ ન્યુટ્રિએન્ટ્સ "ખેડૂત છાપ" નોવેલ ડ્રીન્ચીંગ માટે મળશે. ● ઈન્ડીયન ઓઈલ કંપનીનું પેટ્રોલ, ડીઝલ તથા ઓઈલ મળશે. ● ગુજરાત ગેસ કંપનીનો સી.એન.જી. ગેસ ૨૪ કલાક મળશે. ● ઘર સજાવટ માટે હાર્ડવેર, પ્લાયવુડ, સી.પી.વી.સી, કલર તથા જતુંનશક દવા એગ્રો સેન્ટર ને લગતી તમામ વસ્તુઓ વ્યાજબી ભાવે મળશે, જયદીપ ટાવરની સામે, તુલસી ટાવરની બાજુમાં, ગાંધી રોડ, બારડોલી.
પ્રમુખ શ્રી કશ્યપભાઈ જગદીશચંદ્ર પટેલ | ઉપપ્રમુખ શ્રી વિપુલભાઈ જયંતિભાઈ પટેલ | સેક્રેટરી શ્રી ઈશ્વરભાઈ ભુલાભાઈ પટેલ | મેનેજર શ્રી ભુપેન્દ્રસિંહ તખ્તસિંહ સોલંકી

With Best Compliments on 164th Foundation Day GUJARATMITRA
UKA TARSADIA university
Imparting Knowledge. Awakening Wisdom. Transforming Lives.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
અખબારના જન્મદિવસ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ.

સૌજન્ય: એક શુભેચ્છક, નવસારી

TORRENT POWER
વીજપ્રવાહ બંધ રહેવા બાબત
ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે.અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.
• ૦૫/૧૦/૨૦૨૬, સોમવાર : રામપુરા પોલીસ આવાસ (રામપુરા), ઉધના મગદલ્લા (રત્નમાળા)
• ૦૬/૧૦/૨૦૨૬, મંગળવાર: શ્રી મહાલક્ષ્મી સીએનજી (એચટી), આત્માનંદ ઈન્ડ. નં.૫ (બમરોલી), ચોર્યાસી ડેરી (પર્વત પાટિયા)
• ૦૭/૧૦/૨૦૨૬, બુધવાર : આત્માનંદ ઈન્ડ. નં.૨ (બમરોલી), આત્માનંદ ઈન્ડ. નં.૪ (બમરોલી), કરંજ (માતાવાડી)
• ૦૮/૧૦/૨૦૨૬, ગુરુવાર : આત્માનંદ ઈન્ડ. નં.૭ (બમરોલી), આરાધના (એકે રોડ)
• ૦૯/૧૦/૨૦૨૬, શુક્રવાર : નાગોરીવાડ (સૈયદપુરા)
• ૧૦/૧૦/૨૦૨૬, શનિવાર : સ્વામિનારાયણ ૩ (કરંજ)
અસુવિધા બદલ દિલગીર છીએ
વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી
WhatsApp 8141970070